ઉપર જણાવ્યા પ્રમાણે પશુ રહેઠાણ અને પોષણક્ષમ ખોરાકના આયોજનથી ઘણા બધા રોગો નિવારી શકાય છે. આ ઉપરાંત ચોમાસા પહેલા જાનવરોને ગળ-સુંઢો અને ગાંઠીયા તાવની રસી મુકાવવાથી પણ જાનવરોને ચેપી રોગ સામે રક્ષણ આપી શકાય છે.

રસીકરણના ઘનિષ્ટ કાર્યક્રમનું આયોજન, સરકારશ્રીના કૃષિમહોત્સવ કાર્યક્રમમાં, ખેડૂત શિબિરોમાં અને સહકારી ડેરીઓ દ્વારા પશુપાલકોના ઘર સુધી ઉપલબ્ધ થાય તે રીતે કરવામાં આવે છે. તો ખેડૂતમિત્રોએ, આવા કાર્યક્રમો નો લાભ લઈ પોતાના અમૂલ્ય જાનવરોનું આરોગ્ય જાળવવું જોઈએ.



KAMDHENU UNIVERSITY

सर्वभूतहिते रताः

-: પ્રકાશક :-

વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

# ચોમાસામાં પશુઓની કાળજી



ખેડૂતમિત્રો માટે ચોમાસાની ઋતુ આશિર્વાદ સમાન છે. વરસાદ આવવાથી કૃષિલક્ષી પ્રવૃત્તિઓ ફરીથી ધમધમતી થાય છે. આ ઋતુમાં વાવણીમાં વ્યસ્ત ખેડૂતો કદાચ પશુપાલન પાછળ પુરતુ ધ્યાન આપી શકતા નથી અને ચોમાસાની ઋતુના કારણે પશુઓમાં વિશેષ સમસ્યાઓ ઉદ્‌ભવે છે. જે ખેડૂતમિત્રોને ધ્યાને ન હોઈ આ સમસ્યાઓ ને લીધે ઘણી વખત કિમતી પશુઓ રોગચાળામાં સપડાઈ જાય છે અને તેમની ઉત્પાદન ક્ષમતા ઉપર માઠી અસર પડે છે. જેના લીધે ખેડૂતોને અંતે આર્થિક નુકસાન ભોગવવું પડે છે. જો ખેડૂતો ચોમાસાની ઋતુમાં પોતાની રીતે આગવું અને અનોખું આયોજન કરે તો મોટા આર્થિક નુકસાનમાંથી બચી શકાય છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન પશુઓના રહેઠાણ, ખોરાક, રોગ નિયંત્રણ અને રસીકરણ ઉપર પુરતું ધ્યાન આપવું જોઈએ. જો પશુપાલકો આ બાબતે વિશેષ ધ્યાન રાખે અને જરૂરી કાળજી લે તો આ સમય દરમ્યાન પશુપાલનના વ્યવસાયનું સંચાલન ખુબજ સારી રીતે કરી શકાય છે. આ ઉપરાંત પશુઓના દૂધની ગુણવત્તાની જાળવણી તથા જાનવરોના મળમૂત્રનો યોગ્ય નિકાલ પણ ખૂબ જ અગત્યના મુદ્દાઓ છે.

## પશુઓનું રહેઠાણ અને ખોરાકની સાવચેતી

- પશુઓનું રહેઠાણ ઉંચાણ અને હવા ઉજાસવાળી જગ્યાએ હોવું જોઈએ જેથી વરસાદી પાણીનો ભરાવો ન થાય અને કાદવ, કીચડ, ગંદકીને અટકાવી શકાય.

- પશુ રહેઠાણમાં કોઈ જગ્યાએ પાણીનો ભરાવો ન થાય તે માટે અગાઉથી ચોમાસા પહેલા આયોજન કરી રહેઠાણની ગટર, કુંડી વગેરે સાફ કરી ચોખ્ખી કરવી. પશુઆવાસનું છાપરુ અને ભોય તળીયું પણ વ્યવસ્થિત કરી તેમાં પાણી ન ભરાય તેવું આયોજન કરવું.

- ચોમાસા દરમ્યાન પશુ આવાસમાં એકત્રિત થતા મળમુત્ર તથા અન્ય કચરાનો તાત્કાલિક યોગ્ય જગ્યાએ નિકાલ કરવો. નિકાલ કરવાની જગ્યા પાણીના વહેણથી, તળાવથી કે નદીથી દૂર રાખવી જેથી કરીને પાણીનું પ્રદુષણ અટકાવી શકાય અને માણસોમાં થતા ઘણા રોગો નિવારી શકાય.

- પશુના રહેઠાણમાં પુરતા પ્રમાણમાં હવા અને સૂર્યપ્રકાશ મળી રહે તે આવશ્યક છે. આમ થવાથી પશુ રહેઠાણમાં ભેજની માત્રા પ્રમાણસર રાખી શકાય છે.

- જો પશુ આવાસમાં ભેજનું પ્રમાણ વધી જાય તો શ્વસનતંત્રમાં ન્યુમોનીયા જેવા રોગો થાય છે ઉપરાંત ભેજવાળા વાતાવરણમાં અન્ય ચેપી રોગોનો પણ ઉપદ્રવ વધતો હોય છે. ગંદકી અટકાવવાથી આવા રોગોની શક્યતા ઘટાડી શકાય છે.

- આ ઋતુમાં માખીઓનો ઉપદ્રવ વધુ હોય છે, માટે ખાડા-ખાબોચિયામાં પાણી ભરાઈ ન રહે તેનું ખાસ ધ્યાન રાખવું અને જરૂર પડે તો જંતુનાશક દવા નો છંટકાવ કરાવવો જોઈએ. જેથી માખીઓ ધ્વારા ફેલાતા રોગો અટકાવી શકાય.

- ચોમાસા દરમ્યાન જાનવરોના ખોરાકનું આયોજન ખુબ જ કાળજી માંગી લે છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને પુરતા પ્રમાણમાં દાણ ખરીદી લેવા અને વ્યવસ્થિત ભેજ મુક્ત વાતાવરણમાં ભરી રાખવા. જો આવા ખોરાક વરસાદના સમયમા ભીંજાય અથવા પલળે તો તેમાં ફુગ અને અન્ય જીવાણુઓની વૃધ્ધિ થાય છે. ફુગના વિષદ્રવ્યો જાનવરના પાચનતંત્રને નબળું બનાવે છે અને આવો ખારાક ખાવાથી જાનવર બિમાર પડે છે.

- આ ઋતુમાં પશુઓ માટે જરૂરી સૂકાચારાનો સંગ્રહ અગાઉ થી કરી લેવો જોઈએ અને આવી રીતે પૂરતા જથ્થામાં સુરક્ષિત જગ્યાએ સંગ્રહી રાખવો જોઈએ જેનાથી ચાલુ ચોમાસામાં સૂકાચારાની અછત અને ઉંચાભાવની મોટી સમસ્યા નિવારી શકાય છે.

- ચોમાસાની ઋતુ દરમ્યાન કોઈ જાનવરનું મૃત્યુ થાય તો તેના મૃત શરીરને આવાસની જગ્યાથી દૂર ઉંડો ખાડો કરી તેમાં મીઠું અને કોલસો નાખી તરત જ દાટી દેવુ, જેથી કરીને મૃત શરીરમાંથી રોગોના જંતુનો ફેલાવો અટકાવી શકાય. ગંદકી વધશે તો માખી મચ્છરો નો ઉપદ્રવ વધે છે. માખી - મચ્છરો અને અન્ય પરોપજીવીઓ જાનવરોમાં ઘણા બધા રોગોનો ફેલાવો કરે છે.

- ચોમાસામાં નીગળ્યા વગરની જુવાર જો જાનવરોને આપવામાં આવે તો સાઈનાઈડ નામના ઝેરી દ્રવ્ય ની અસર થાય છે. એટલે કાચી જુવાર કે મકાઈ જાનવરોને ખવડાવવી નહિ.